# અલ્લાહ જાણે ! ઈશ્વર જાણે !

– ‘કાયમ’ હઝારી

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

05 – 12 – 2011

# શ્રી 'કાયમ' હઝારી



અક્ષરનાદના ડાઉનલોડ વિભાગમાં કવિતા – ગીતો – ગઝલો સમાવતા પ્રકાશનો મૂકવાની ઈચ્છાપૂર્તીની શ્રી કાયમ હઝારી સાહેબના આ સંગ્રહ, ‘અલ્લાહ જાણે ! ઈશ્વર જાણે !’ દ્વારા શુભ શરૂઆત થઈ રહી છે. ધર્મને અનેક અનોખા માધ્યમોમાં, સ્વરૂપોમાં, વિષયોમાં સાંકળીને સર્જન પામેલ ગઝલો – કાવ્યરચનાઓ આ સંગ્રહની આગવી વિશેષતા છે. પ્રસ્તુત નાનકડા સંગ્રહમાં અનેક ચોટદાર શે’ર અને ગઝલ ધર્મના જીવનમાં સ્થાન અને તેની અસર ઉપર પ્રકાશ પાડે છે. કવિની કલમ ધર્મના ઠેકેદારો અને ધર્માંધોને શબ્દબાણે વીંધવાનું ચૂકી નથી, તો માર્ગ ભૂલી રહેલાઓને સાચા ધર્મને સમજવાની રીત પણ ક્યાંક બતાવાઈ છે. ઉપદેશ નહીં, પણ જાણે સંદેશ હોય તેવી ખૂબીથી સર્જકની કલમે રચનાઓની

હેલી વરસાવી છે. આ સુંદર સંગ્રહ અક્ષરનાદને મોકલવા અને ભાવકોને રસતરબોળ કરવા માટે તેને ડાઉનલોડ વિભાગમાં મૂકવાની તક આપવા બદલ શ્રી 'કાયમ' હઝારી સાહેબને નતમસ્તક. ચોટદાર, પ્રેરણાદાયક અને બોધપ્રદ એવી આ રચનાઓના મર્મનો પ્રસાર થાય અને કવિતા - ગઝલપ્રેમીઓ આ સંગ્રહની રચનાઓને માણી શકે એવા શુભ હેતુથી પુસ્તક તદ્દન નિ:શુલ્ક પ્રસ્તુત કરી વહેંચવાની આવી તક આપવા બદલ અક્ષરનાદના સમગ્ર વાચક પરિવાર વતી તેમનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

- જીજ્ઞેશ અધ્યારૂ / ગોપાલ પારેખ, સંપાદક

# અનુક્રમણિકા

પરિચય ........................................................................................ 10

મારા વિષે કંઈક................................................................................. 14

અર્પણ.......................................................................................... 16

અલ્લાહ જાણે! ઈશ્વર જાણે ! ................................................................ 17

સરનામું ........................................................................................ 19

પથ્થરો હીબકા ભરે !! ......................................................................... 20

ધરમ એટલે શું?? ................................................................................ 22

ધરમ એટલે શું ? .......... 24

કમાણી ? વકરો ?? ઉઘરાણી ??? .......... 26

ચોરોનો ડર નથી.. .. .. !! .......... 31

પ્લાસ્ટીક—સર્જરી .......... 32

આ નગરીને ચાખો .......... 35

પતન છે ! પતન છે !! .......... 37

“અમારો એક શે’ર” .......... 43

‘આજ’ ના ‘મત્લાઅ’ .......... 44

એક અમૃતમય કવિતા ........................................ 47

ક્યાં જઇ શકે ........................................ 51

શું શરમ 'કાયમ' ........................................ 52

બંદુક તાકી છે ........................................ 53

કેસરી કંકોતરી જેવું નગર ........................................ 54

સરવૈયું ........................................ 55

એક ચાડીયો ઉભો છે ! ........................................ 56

તરૂં છું હું ........................................ 60

નિષ્કામતાની એક કવિતા ........................................................................ 61

એક ઈશ્વરીયું ગીત .............................................................................. 63

એ માપનું નગર ................................................................................ 67

એ માપ ક્યાં હવે ................................................................................ 68

પથ્થરો સાથે ...................................................................................... 69

રામ સીતા લખ .................................................................................. 72

સદગત પાગલો ................................................................................. 74

દર્પણના આ નગરમાં ......................................................................... 76

ગીતા હો કે કુરઆન ........................................................................................ 79

આપણું સામૂહિક કબૂલાતનામું ......................................................................... 85

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ ............................................................................ 89

# પરિચય

કાયમ સાહેબ સાંપ્રત સમયના એક ઉમદા ગઝલકાર છે, સાથોસાથ તેઓ કુરઆન – બાઈબલ – ગીતા વગેરે આકાશી કિતાબોના એક નોંધપાત્ર અભ્યાસી પણ છે. તેઓનું 1992માં પ્રગટ થયેલ 'અલ્લાહ જાણે ! ઈશ્વર જાણે !' નું પુસ્તક બિનસાંપ્રદાયિકતાના શિલાલેખ સમું છે. આ પુસ્તક વાંચ્યા પછી એક ભાવકે પ્રતિસાદમાં લખેલું કે પાક મુસલમાન પણ 'કાયમ' હઝારી છે અને પવિત્ર હિન્દુ પણ 'કાયમ' હઝારી છે. મારા પંદર વર્ષના તેમની સાથેના સાંનિધ્ય પછી આ ભાવકની વાત સાથે હું પણ પૂરેપૂરો સંમત છું. એક ઉમદા કવિ હોવાની સાથે સાથે તેઓ એક નિખાલસ અને ઝિંદાદિલ ઈન્સાન પણ છે. મુશાયરા માટેના તેઓ એક

સફળ ગઝલકાર છે, તેમની ચોટદાર રચનાઓ અને પ્રભાવશાળી રજૂઆત ભાવકોના દિલ દિમાગ ઉપર છવાઈ જાય છે. તેમના ત્રણ ગઝલસંગ્રહો, ‘અલ્લાહ જાણે ! ઈશ્વર જાણે !’, ‘દીવાનગી’, અને ‘આદમ ઈવનું પહેલું ચુંબન’ પ્રગટ થઈ ચૂક્યા છે. હજુ પણ આવા જ ત્રણ સંગ્રહો થઈ શકે એટલી ગઝલો અને મુક્તકોનો ભંડાર તેમની પાસે મોજુદ છે. તેઓશ્રી સરકારશ્રીમાં એક અતિ જવાબદારીવાળા ઉચ્ચ હોદ્દા પર હોવાથી સમયના અભાવને લીધે તેમની ગઝલોને જે પ્રસિદ્ધિ મળવી જોઈએ તે મળી નથી એમ હું માનું છું.

- **‘જિગર’ ધ્રોલવી** (પોએટ્રી દ્વિમાસિકના કવિ ‘કાયમ’ હઝારી વિશેષાંકમાંથી ટૂંકાવીને)

‘અલ્લાહ જાણે ! ઈશ્વર જાણે !’ – ‘કાયમ’ હઝારી

પ્રથમ આવૃત્તિ – 1993

સંપર્ક:-

‘કાયમ’ હઝારી,

આકાશ, આદિનાથ સોસાયટી, જી.આઇ.ડી.સી. પાછળ,

શનાળા રોડ, મોરબી

અલ્લાહ જાણે! ઈશ્વર જાણે !

“નગર આખું રમકડું છે તમારું કાચનું ‘કાયમ’
અને બે-ચાર પાગલ ત્યાં ફરેછે પથ્થરો સાથે !”

- ‘કાયમ’ હઝારી

# મારા વિષે કંઈક.....

હું એક ઘટના છું
જે
પોતાની મરજીથી શરૂ થયેલ નથી
અને પોતાની મરજીથી પૂરી થવાની નથી.

હું યુદ્ધ નથી
હું સમાધાન નથી
હું જીત નથી

# હું હાર નથી

હું.... અલ્લાહ અને સેતાનની....
દેવ અને દાનવની....
સુરી અને આસુરી શક્તિઓની યુદ્ધભૂમિ માત્ર છું....

- 'કાયમ' હઝારી

## અર્પણ

એક મંદિર તૂટે ને
મુસ્લિમ રડે
એક મસ્જિદ તૂટે ને
હિન્દુ રડે
એ
સ મ ય .... ને

## અલ્લાહ જાણે! ઈશ્વર જાણે !

કોણ પઢાવે રોજ નમાજો? અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!
કોના છે આ ભક્તિ સાજો? અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!

એક તરફ અલ્લાહો અકબર, બીજો નાદ અલખ-નિરંજન
ક્યાં પહોંચે છે બેય અવાજો? અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!

ધર્મ પતંગોની દોરી પર - માથા કાપી નાખે એવો,
કોણ ચડાવે છે (પાવે છે) આ માંજો? અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!

ભાન વગરના સાધુ-સંતો, હોશ વગરના મુલ્લા-શેખો;
મઝહબ છે કે છે આ ગાંજો? અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!

ધોળે દિ'એ અજવાળામાં !! હાથોમાં લઇ ફાનસ બત્તી
શોધે છે શું ? અંધ સમાજો! અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!

ક્યાં જાશે એ બે ય સવારી? અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!
એક નનામી ! એક જનાજો! અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!

નવજાત શિશુની આંખો જેવો - વાસી સૂરજનો આ તડકો !
લાગે છે કાં 'કાયમ' તાજો? અલ્લાહ જાણે! ઈશ્વર જાણે!

## સરનામું

જરૂરી પ્રીતમાં ના છે પ્રીતમના ઘરનું સરનામું;
નદી ક્યાં કોઇ'દી પૂછે છે શું સાગરનું સરનામું ?
તું તારી ખોજ કર 'કાયમ' તું તારી ખોજ કર 'કાયમ';
કે તારું ખુદનું સરનામું જ છે ઇશ્વરનું સરનામું !

## પથ્થરો હીબકા ભરે !!

પાંદડાઓની વ્યથા એ કંઇ રીતે કાને ધરે?
એક ખુરશી કાજ આખા વૃક્ષને જે વેતરે !!

ભગ્ન ચૂડી, ખાલી ખોળો ને બળેલી રાખડી;
જડ બનેલી જિંદગી કંઇ વાતનું માતમ કરે ?

જોઇને મોટાઓના આ સાવ હિણા કરતૂતો !
બાળકો મોટા થવાના ભયથી આજે થરથરે !!

લાખ યત્નો આદરી આ આગને તો ઠારશું-
પણ, ધુમાડો જે થયો એ કંઇ રીતે પાછો ફરે ?

હોય આથી શું વધુ સંતાનનું બીજું પતન ??
ભર બજારે માતના વસ્ત્રો હરી ગૌરવ કરે !

માનવીની પાશવી-ખૂની લીલાઓ જોઇને-
મંદિરો ને મસ્જિદોના પથ્થરો હીબકા ભરે !!

ના ખપે, એ રામ-અલ્લાહ ના ખપે, ના ખપે;
નામ માનવતાનું જેના નામથી ‘કાયમ’ મરે !!

## ધરમ એટલે શું??

ધરમ એટલે શું? આ માળાને તિલક !
ધરમ એટલે શું? આ ક્રિયાઓ ઉપલક !
ધરમ એટલે શું? આ મસ્જિદ ને મંદિર !
ધરમ એટલે શું? આ પથ્થરની જંજીર !

પૂજા-બાંગથી શું? ધરમ વાત પૂરી !
ધરમ એટલે શું? આ સસ્તી મજૂરી !
ધરમ એટલે શું? હ્રદય દ્વારે તાળા !
ધરમ એટલે શું? આ ગાડરિયા ચાળા !

ધરમ એટલે શું? આ ખંજર ને ખૂનો !
ધરમ એટલે શું? ત્રિશૂલી ઝનૂનો !
ધરમ એટલે શું? લોહીભીના આ પગલા !
ધરમ એટલે શું? આ લાશોના ઢગલા !

ધરમ એટલે શું? આ કાગળિયો કોરો !
ધરમ એટલે શું? ચાર પાગલનો ચોરો !

અહીંયા તો સજ્જનોનું એકેય ઘર નથી !
તેથી તો આ નગરમાં ચોરોનો ડર નથી !

## ધરમ એટલે શું ?

ધરમ એટલે તો હકીકતમાં સૂરજ
ધરમ એટલે તો જીવનગઢનો બૂરજ

ધરમ એક પયગમ્બરી કામળી છે
ધરમ એક ચૈતન્ય સૂર વાંસળી છે.

ધરમ કરબલાની હુસેની ધીરજ છે
ધરમ રામ-કૃષ્ણની છાયા નીરજ છે
ધરમ એક પાવન-શીતળ-શ્વેત પૂનમ
ધરમ એક ગંગા-ધરમ એક ઝમઝમ

ધરમ એટલે એક વરસાદી રજની
ધરમ એટલે એક સાજનને સજની,

ધરમ એટલે એક અંગૂરી મોસમ,
ધરમ એટલે એક કસ્તૂરી સોડમ

ધરમ તો સમર્પણ સભર અંજલિ છે.
ધરમ ફૂલ પહેલાની ખીલતી કળી છે.

## કમાણી ? વકરો ?? ઉઘરાણી ???

શું આ જ અમારી વરસોની મહેનતની છે પ્રાપ્ત કમાણી ?
શું આ જ અમારો વકરો છે ? શું આ જ અમારી ઉઘરાણી ?

બળતા ઘરની ભડ ભડ થાતી
જ્વાળાઓના ઊના ઊના સિસકારાઓ,
તૂટતી ચૂડીઓના ડૂસકાં
ઘાયલ ખોળાઓના ત્રુટક ત્રુટક ઊંહકારાઓ,
શું આ જ અમારી વરસોની મહેનતની છે પ્રાપ્ત કમાણી?....

સૂમસામ સડકની છાતી પર
ખીલ્લાવાળા પગલાઓની પડતી થાપો,
કોરા શ્વેત દુપટ્ટા ઉપર

કંઇક અજાણી આંગળિયુંની મેલી છાપો,
શું આ જ અમારી વરસોની મહેનતની છે પ્રાપ્ત કમાણી ?....

રહેંસાય ગયેલા બાળકની
ખુલ્લી આંખોમાં થીજેલા મૌન સવાલો
પથ-પ્રદર્શકના ચહેરા નીચે
દોલત-ભૂખ્યા સંખ્યાબંધ લબાડ દલાલો,
શું આ જ અમારી વરસોની મહેનતની છે પ્રાપ્ત કમાણી ?....

ભૂખમરાના માતમ વચ્ચે

મંદિર-મસ્જિદના ઝગડાની ઐયાશીઓ
સત્તા-લોલુપ ટોળીઓની
હિંસક-હીણી-લોહીથી લથ બથ ત્રિરાશીઓ,
શું આ જ અમારી વરસોની મહેનતની છે પ્રાપ્ત કમાણી ?....

લોહીના ફાટલ-તૂટલ રાતા- રંગો વચ્ચે
એક મરેલી નાગી ઇજ્જત
શ્વાસમાં ઈંધણ આંખમાં અગ્નિ
દિલમાં ‘કાયમ’ પાગલપણની પાગલ નફરત
શું આ જ અમારી વરસોની મહેનતની છે પ્રાપ્ત કમાણી ?.

શું આ જ અમારી વરસોની મહેનતની છે પ્રાપ્ત કમાણી ?.
શું આજ અમારો વકરો છે ? શું આ જ અમારી ઉઘરાણી ?

# ચોરોનો ડર નથી.. .. .. !!

અહિંયા તો સજ્જનોનું એકેય ઘર નથી !
તેથી તો આ નગરમાં ચોરોનો ડર નથી !1

તારું ને મારું શું છે એની તો છે ફિકર,
કિંતુ શું આપણું છે એની ફિકર નથી !

મસ્તક ઉપર ન છત છે ના પગ નીચે ફરસ;
કિંતુ ગજબ છે એની અમને ખબર નથી !

નારા લગાવો આખી દુનિયા છે આપણી,
છોડો એ વાત 'કાયમ' ! રહેવાને ઘર નથી !

## પ્લાસ્ટીક–સર્જરી

એક એવો કેમ્પ બનાવીએ, ચાલો ! જ્યાં આની પ્લાસ્ટીક–સર્જરી થાએ !!
પ્રેમના ચહેરે કાળું કોઢી ચાઠું થઇને બેઠો મઝહબ !
માનવતાની ગરદન ફરતો ગાંઠુ થઇને બેઠો મઝહબ !

એક એવો કેમ્પ બનાવીએ, ચાલો ! જ્યાં આની પ્લાસ્ટીક–સર્જરી થાએ !!

આંખો નીચે કાળી ઉદાસી ! ગાલ ઉપર છે દુ:ખના ખાડા !

છાતી  ઉપર બોજ જીવનનો ! પેટ ઉપર છે ભૂખના ખાડા !

એક એવો કેમ્પ બનાવીએ, ચાલો ! જ્યાં આની પ્લાસ્ટીક—સર્જરી થાએ !!

સત્તાધીશને કાન નથી ને ધર્મગુરુઓને આંખ નથી,

રક્ષક સઘળા હાથ વગરના, ઈજ્જતદારને નાક નથી.

એક એવો કેમ્પ બનાવીએ, ચાલો ! જ્યાં આની પ્લાસ્ટીક—સર્જરી થાએ !!

આઝાદીની દુલ્હન ‘કાયમ’ ભર-યૌવનમાં વૃદ્ધ બની છે !

દુલ્હા જેવા દેશના ચહેરે આજ કરચલી ખૂબ પડી છે !

## આ નગરીને ચાખો

કોયલિયાંના કલરવના પહેલા, લીલ્લા લીલ્લા છમ તોરણિયા

પાંપણથી ખંખેરી નાખો

પછી મજેથી ભૈ !! આ નગરીને ચાખો

મડદા ચૂંથતા ગીધો પકડી

પહેલા પૂરો પાંસળિયુંના પોલાણમાં

ફૂલો સોતા બાગ દળીને

ચપટી ચપટી રોજ સડાકા લ્યો પ્રાણોમાં

હોઠ હથેળીની ઉષ્માઓ આંગળીયુંમાં થીજવી દઇને

આંગળીયું ખીસામાં રાખો

પછી મજેથી ભૈ !! આ નગરીને ચાખો

નરસૈયાની રાસલીલામાં

શ્યામ લગનની ભીતર વસતી મીરાં પગલી,

પંડ પરખના પડતા બિંબો,

કંકુ થાપા, કેસરીયા રંગોની ઢગલી,

બથના ઘાબા, ચુંબન ચીલા બે’ક તગારા માટી નીચે

પહેલાં તો દફનાવી નાખો

પછી મજેથી ભૈ !! આ નગરીને ચાખો

## પતન છે ! પતન છે !!

અમે રામ આદમ ને ઈસુના વંશો !

યશોદાને હવ્વાના ધાવણના અંશો !

થયા આજ ફિરઓન, રાવણ ને કંસો !
અમારું આ કેવું પતન છે ! પતન છે !!

બિલાલી અઝાનો બની ગઇ છે ખૂની !
બધી રામ-મર્યાદા થઇ ગઇ ઝનૂની !
ફક્ત વારતામાં રહ્યા પીર-મુનિ !
અમારું આ કેવું પતન છે ! પતન છે !

અમે સંપ તોડી ને ફાંટાઓ લીધા !

અમે સૂર સાટે ઘાંટાઓ લીધા !

અમે ફૂલ વેચીને કાંટાઓ લીધા !

અમારું આ કેવું પતન છે ! પતન છે !

છે ઇશ્વર અમસ્તો ! છે અલ્લાહ અમસ્તો !

અમારો ધરમ છે જુઓ સાવ સસ્તો !

કે સત્તા સુધી એ જવાનો છે (એ) રસ્તો !

અમારું આ કેવું પતન છે ! પતન છે !

અમારી ત્રિરાશિ તો છે સાવ ત્રાસી !

અમારા સુધીના અમે બસ પ્રવાસી !

અમે દેશ-ભક્તિને દઇ દીધી છે ફાંસી !

અમારું આ કેવું પતન છે ! પતન છે !

દયા હો કે હો દાન !મતલબ સુધી છે,

ધરમ હો કે હો ઇમાન !મતલબ સુધી છે,

અમારું બધું જ્ઞાન ! મતલબ સુધી છે.

અમારું આ કેવું પતન છે ! પતન છે !

હ્રદય થઇ ગયા લાલચોના પડીકા !

બની ગઇ છે વૃત્તિઓ નફ્ફટ ગણિકા !

દલાલી બની ગઇ અમારી જીવિકા !

અમારું આ કેવું પતન છે ! પતન છે !

અમે જીવતા બાળકને બાળીને હસીએ !

અમે પગથી લાશો ઉછાળીને હસીએ !

અમે અમંવે નાગા નિહાળીને હસીએ !

અમારું આ કેવું પતન છે ! પતન છે !

અમે વેદ ગીતાની પસ્તી કરી છે !
ને કુરઆન સાથે મસ્તી કરી છે !
સનાતન બધી વાત સસ્તી કરી છે !
અમારું આ કેવું પતન છે ! પતન છે !

હજારો ફરે છે જ્યાં બે-વસ્ત્ર-બે-ઘર !
રેશમના તાકા  ચડે ત્યાં કબર પર !
સમાધિની શોભા બને સંગે મરમર !
અમારું આ કેવું પતન છે ! પતન છે !

નપુંસક બની ગઇ સમજદારી ‘કાયમ’!
છે ઘેટા સમી સૌ તરફદારી ‘કાયમ’!
અમારી આ કેવી નાદારી ‘કાયમ’!
અમારૂં આ કેવું પતન છે ! પતન છે !

### “અમારો એક શે’ર”

જીવનને વેડફી દીધું આ કેવી પાંગળી જીદમાં,
ભીંતોને દ્વાર સમજી ખોલવાની વ્યર્થ કોશિશમાં..

## 'આજ' ના 'મત્લાઅ'

એક બાજુ સેંકડો દરિયા ઊભા ટોળે વળી
એક બાજુ એક નાનકડી અડીખમ નાવડી

એક બાજુ છે અડાબીડ થોરનું જંગલ, અજાણ્યું ને અકળ
એક બાજુ છે હથેળીમાં ઊગેલું એક સોનેરી કમળ

એક બાજુ સાવ થાકેલા અને કોરા નયન
એક બાજુ ઓસ બિંદુ જેવડું ભીનું સપન

એક બાજુ છે સુકાયેલું સરોવર આપણા વિશ્વાસનું
એક બાજુ પથ્થરો તોડી ઊગેલું એક ફણગું ઘાસનું

એક બાજુ તીર જેવી આ સમયની ચાલ છે.
એક બાજુ ફૂલ પત્તીની બનેલી ઢાલ છે.

એક બાજુ ઘોર અંધારાને ઓઢી સૂઇ ગયેલી જિંદગી
એક બાજુ ફાટલા ખિસ્સા મહીં રાખેલ ચપટી રોશની

એક બાજુ ચો-તરફ વૃત્તિ બધી બેબાકળી
એક બાજુ દૂર ખૂણે તું વગાડે વાંસળી.

# એક અમૃતમય કવિતા

ચાલ! કરફ્યુ-ગ્રસ્ત સડક પર-
સેંકડો નિર્દોષ લોકોના વહેલા લોહીથી
એક અમૃતમય કવિતા આપણે લખીએ !!

કે, કદાચિત
આવતી કાલે અહીં કરફ્યું ઊઠી જાસ્જે,
ઘર મહીં સંતાયેલી જડતાઓ પાછી એ જ સડકો પર -

દિશાહીણ ભાગદૌડીમાં ડૂબી જાશે,

એ દિશાહીન દોડ વચ્ચે -

કોક જડતાને એ અમૃતમય કવિતા જો અડી જાશે,

તો, કોઇ પડતર કૂવા સમ ખાલી ખમ હૃદયમાં,

રણ સમી વેરાન કોરી આંખમાં-

પુષ્પ પત્તી જેટલી હળવી,

શીત ઝાકળ જેટલી ભીની,

ભવ-તરસને ભાંગતી ભીનાશનો  દરિયો ભરી જાશે.

ને આપણી પથ્થરની આ નગરી એક તાજા ફૂલનો ગજરો બની જાશે.

ને પછી,

કરફ્યું જશે-જડતા જશે

સડકો બધી બસ માનવીથી શોભશે.

આંખ અંગૂરી થશે

ગાલ સિંદૂરી થશે

શ્વાસ કસ્તૂરી થશે

આપણી નાનકડી એ અમૃત કવિતા

આપણા આખા નગરની કાયમી મૌસમ થશે.

ચાલ! કરફ્યુ-ગ્રસ્ત સડક પર-

સેંકડો નિર્દોષ લોકોના વહેલા લોહીથી

એક અમૃતમય કવિતા આપણે લખીએ.

## ક્યાં જઇ શકે

આપનારો પણ કહો એને વધુ શું દઇ શકે?

એક નાગો એક ખોબાથી વધુ શું લઇ શકે?

જે પડે જગમાં ભૂલો, પહોંચે કદી તો ઘર સુધી;

પણ જે પડે ઘરમાં ભૂલો એ કહો ક્યાં જઇ શકે?

## શું શરમ ’કાયમ’

બધાના પારદર્શક કાચ જેવા છે ભરમ ’કાયમ’ !
આ નગ્નોના નગરમાં નગ્નતાની શું શરમ ‘કાયમ’!
દીધી છે ભેંટ કેવી આ નવા યુગની હવાઓએ !
અમારા ઘર ભરેલા છે ને દિલ છે ખાલીખમ ‘કાયમ’ !

## બંદુક તાકી છે

આ બધા સરવાળા, સરવાળે અમારી બાદબાકી છે;
કે અમે તો આયના સામે અહીં બંદૂક તાકી છે.
માનવી હોવાની સાબિતી હવે ક્યાં ચોડશું ? બોલો !
આ નગરમાં એક પણ કોરી હવે ના ભીંત બાકી છે.

# કેસરી કંકોતરી જેવું નગર

એક તાજા સ્મિત જેવું ઉપવન
એક ધગધગતો નિ:સાસો  થઇ ગયું.
કેસરી કંકોતરી જેવું નગર
લોહી ભીનો એક જાસો થઇ ગયું.

# સરવૈયું

કરી કંઇ જાતની ખેતી? અમે પણ અહીં પરસેવો સિંચીને,
ઊગાવી નફરતો કેવળ અહીં પરસેવો સિંચીને.
અલગતાની અમારા દુશ્મનો દોરી ગયા'તા જે
અમે તો કોતરી 'કાયમ' કરી લીધી એ લીટીને.

## એક ચાડીયો ઉભો છે !

લુંટાયેલા ભેળાયેલા વાડ વગરના ખેતર શેઢે

લિરે લિરા થયેલો

ચિરે ચિરા થયેલો

તારા વચનનો ક્રિષ્ના ! એક ચાડીયો ઉભો છે !

એક ચાડીયો ઉભો છે ! એક ચાડીયો ઉભો છે !

ધર્મ વગરની મર્મ વગરની નિર્જીવ નગરીના પાદરમાં

આડો પડી ગયેલો

લૂણો ચડી ગયેલો

ઉપદેશનો ગીતાના એક પાળિયો ઉભો છે!

એક પાળિયો ઉભો છે ! એક પાળિયો ઉભો છે!

તારા વચનનો ક્રિષ્ના એક ચાડીયો ઉભો છે !

ફુરસદ હો તો એક વખત તું જમના તટ પર જઈ જોજે

ના વાંસળી ના ગાયો

ના ઝાડવા ના છાંયો

કેવી દશામાં તારો ગોવાળિયો ઉભો છે !

ગોવાળિયો ઉભો છે ! ગોવાળિયો ઉભો છે !

તારા વગરનો ક્રિષ્ના, એક ચાડીયો ઉભો છે !

ચૌરે ચૌટે, ઘર ગલીએ, તારી પ્યારી નગરીમાં જો -

આતમને મનને વેચી

ભીતરના ધનને વેચી

ધનવાન થઈ ગયેલો દેવાળિયો ઉભો છે !

દેવાળિયો ઉભો છે, દેવાળિયો ઉભો છે !

તારા વચનનો ક્રિષ્ના એક ચાડીયો ઉભો છે !

દૌલત ભૂખ્યા બુદ્ધિવાળા ડાહ્યાઓની આમ સભામાં -

બેબાકળો બનીને

ગીતાને બથ ભરીને

'કાયમ' છે નામ જેનું એ ગાંડીયો ઉભો છે !

તારા વચનનો ક્રિષ્ના એક ચાડીયો ઉભો છે !

## તરૂં છું હું

કદાચિત આવતી કાલે નિશાની નહીં મળે એની,

શિલાલેખો દીવાલો પર બરફની કોતરું છું હું,

તસુ પણ કઈ રીતે આગળ વધું આવા પ્રયાસોથી

કે ચાલું છું હું પાણી પર ને રેતી પર તરૂં છું હું.

# નિષ્કામતાની એક કવિતા

આખો દરિયો જો -

પરપોટો થઈ જાયે તો !

શું થાશે? શું થાશે? શું થાશે?

શોર ફૂંફાડા ફૂ થાશે

જળના પર્વત ભૂ થાશે

’આપ’ અચાનક ‘તું’ થાશે

ભેદ બધાયે zoo થાશે,

મધ દરિયાની સાથો સાથ કાંઠાઓ પણ છૂ થાશે

દરિયો દરિયાના બદલે પિંજાયેલુ રૂ થાશે

માછલીયું પણ થઈ જાવાની ભીંત ગરોળી;

દરિયો દરિયાના બદલે થઈ જાવાનો રંગોળી

આખો દરિયો જો પરપોટો થઈ જાયે તો શું થાશે? શું થાશે? શું થાશે?

# એક ઈશ્વરીયું ગીત

કાં તો કાજળિયા ખેસ, કાં તો મલમલિયા વેશ

સાવ સીધા સપાટ સંદેશ

તો ય આંખોએ વાંચતા વાંચતા

ખાધી છે કેટલી ઠેસ

તારા બોગનિયા રંગ

તારી ચંદનિયા ગંધ

મારી આંખો ને નાક પર પહેરાઓ તંગ

મારી છાતીમાં કેદ

ગાતી બુલબુલના ભેદ

મને સંભળાયે ના મારા કાનો અપંગ

ફુલ ગુચ્છા સમો તારો દેશ

તોય શ્વાસોએ સૂંઘતા સૂંઘતા

ખાધી છે કેટલી ઠેસ !

કો'કે વીંટીઓ ખોઈ

કો'કે આંગળીયું ખોઈ

કો'કે વાંસોનું વન જોતા વાંસળીયું ખોઈ

કો'કે આંખોને ધોઈ

કો'કે નજરૂને ધોઈ

કો'કે હાથોનો મેલ ધોતા હથેળીયું ખોઈ

સહેજ અડકાવેલ પરવેશ

તોય હાથોએ ખોલતાં ખોલતાં

ખાધી છે કેટલી ઠેસ !

મને દરિયો ન દે,

આપ મોતી શી આંખ

ન દે! આકાશી માપ, આપ નાનકડી પાઁખ,

એક માણસ છું હું,

મને માણસની જેમ,

તારા ઈશ્વરીયા જગમાં મણસીયો રાખ !

સાવ સાદો હતો પહેરવેશ

તો ય ચહેરાએ પહેરતાં પહેરતાં

ખાધી છે કેટલી ઠેસ !

## એ માપનું નગર

લીસું, સુવાળું, રેશમી આ આપનું નગર !
હો આપને મુબારક આ સાપનું નગર.
મમતા વસી શકે જ્યાં ને પ્યાર રહી શકે,,
ક્યાં છે મને બતાવો એ માપનું નગર?

# એ માપ ક્યાં હવે

દિલમાં જગાવે દર્દ એ સંતાપ ક્યાં હવે?
પસ્તાવો થાય એવું, છે પાપ ક્યાં હવે?
ઉંચાઈમાં ગગન સમ, સાગર સમા ગહન
એ માનવીઓ ક્યાં ને એ માપ ક્યાં હવે?

## પથ્થરો સાથે

નગરજન બહાર નીકળો તો નીકળજો લઈ ધરો સાથે;
સંબંધો રાજવીઓના થયા છે તસ્કરો સાથે !

લૂંટાવાનો હવે ના ખેદ કરજો, કે લૂંટારાએ
કરી લીધા છે લૂંટવાના કરારો રહેબરો સાથે !

અરે ! ઓ ગોડસે ! આ ગોળીઓ તારી નકામી છે
અનુયાયીઓ ગાંધીના ફરે છે બખ્તરો સાથે !

શહીદોની સમાધિ પર ફૂલે બે ચાર મૂકવાને -
જુઓ શૂરવીર લોકો જઈ રહ્યાં છે લશ્કરો સાથે !

તૂટેલા આ કિનારાઓ પૂછે છે આજ સાગરને
નદી ભાગી ગઈ કયા કારણોસર કોતરો સાથે !

નગર આખું રમકડું છે તમારું કાચનું કાયમ,

અને બે ચાર પાગલ ત્યાં ફરે છે પથ્થરો સાથે !

# રામ સીતા લખ

આ શોષણખોર દુનિયાની પ્રથમ શોષણ સંહિતા લખ
પછી સાગર સપાટી પર તું આંસુથી સરિતા લખ !

અંધારાની નકલ જેવા આ અજવાળાની છાતી પર,
પ્રથમ તું બંધ આખો લખ પછી દ્રષ્ટિની ચિતા લખ !

બળેલા આ નગરની રાખ પર બેસી અને ક્રિષ્ના,
વચન ના હોય તુજ એવી નવેસરથી તું ગીતા લખ !

પ્રથમ તો વેદનાઓને બનાવી લે તું મર્યાદા,
પછી તેજાબથી ચાતી ઉપર લખ, રામ સીતા લખ !

પ્રથમ પાખંડીઓના પુણ્યનું કર પોટલું 'કાયમ'
પછી હળવેખથી એના ઉપર લખ ! પાપ – પિતા લખ !

## સદગત પાગલો

સાવ સાદો ને સહજ આ જિંદગીનો મામલો,
એક બાળક, ઘંટ, છુટ્ટી ને અધૂરો દાખલો.

આ સમયના રક્તપિત્તે આંગળા લૂંટી લીધા;
તુજ કપાળે કઈ રીતે ચોડું હવે હું ચાંદલો ?

કેમ નજરો મેળવું કે હસ્તધૂનન હું કરું?
આંખ સૌની વિષ પ્યાલી ને હથેળી હાંથલો.

કેસરી લીલા અને ખાખી ધણીની દ્રૌપદી -
આજ માગે ભીખમાં બસ એક ધોળો સાડલો.

બોઝ, ગાંધી, પાલ, ટિળક, ચંદ્રશેખર ને ઝફર
આજ 'કાયમ' યાદ આવે છે એ સદગત પાગલો !

## દર્પણના આ નગરમાં

હું એકલો છું પાગલ, ડહાપણના આ નગરમાં,
કારણ વગરનો ભટકું કારણના આ નગરમાં.

લેનાર પણ ભિખારી, દેનાર પણ ભિખારી,
દાતા બની ફરે સૌ માગણના આ નગરમાં !

સમજુ છે લોક કેવા? તૂટી જવાના ભયથી -
લેતા ડરે છે શ્વાસો દર્પણના આ નગરમાં.

લોકો ખબર પૂછે છે મારી વિનયથી આજે,
થઈ કૈંક ગેરસમજણ, સમજણના આ નગરમાં.

લાશોને ગોઠવીને ઊભી કરી દિવાલો,
કેવી સલામતી છે? રક્ષણના આ નગરમાં.

લાગે છે વાત આખી છે ધ્યાન બા’ર નહીંતર -

રઝળે ન નગ્ન લાશો ખાપણના આ નગરમાં!

હાંસી ઉડાવે લોકો ‘કાયમ’ની ભર બઝારે,

શોધે છે રામને એ રાવણના આ નગરમાં!

## ગીતા હો કે કુરઆન

ના હિન્દુ મરે છે ના મુસલમાન મરે છે;
શૈતાનના હાથો વડે ઈંસાન મરે છે..

ગીતા હો કે કુરઆન છે વાણી બધી સરખી,
મસ્જિદ હો કે મંદિર છે ઈમારતમાં ફરક શું?
હવ્વા કે યશોદા બધી માતાઓ છે માતા;
રઝિયા હો કે રાધા કહો ઈજ્જતમાં ફરક શું?
મૈયત કે નનામી બધે માતમ તો છે સરખું;

આંખોથી બધી આંસુઓ સરખા જ સરે છે... ના હિન્દુ મરે છે....

મસ્જિદ અને મંદિર તો બને એક દિવસમાં;
મસ્જિદ અને મંદિરનું થવું ખૂબ છે સહેલું,
કરવું હો તો કરજો તમે પાવન આ હ્રદયને;
સદીઓથી એ પાપી છે ને સદીઓથી છે મેલું,
પથ્થરના તરાપાઓ તો ડૂબી જશે પળમાં;.
માટીનો ઘડો ઠેઠ સુધી સાથ તરે છે... ના હિન્દુ મરે છે....

નિર્દોષને હણતા હતાં રાવણ અને કંસો
હણતા હતાં કિંતુ એ રહી ધર્મની સામે,
પણ આપણે તેનાથી યે આગળ ગયા ડગલું;
હણતા રહ્યા નિર્દોષને બસ ધર્મના નામે,
અફસોસ જરા પણ નથી આ ગાઁડાપણાનો;
અફસોસ તો એનો છે એ ડાહ્યાઓ કરે છે... ના હિન્દુ મરે છે....

હિન્દુ કે મુસલમાન બનો બાદમાં મિત્રો,
ઈન્સાન છો; પહેલા જરા ઈન્સાન તો થાઓ !

વેદોની આ વાતો અને શરિયતના ઉસુલો;,
પઢજો પછી પહેલા તો જરા જાતને જાણો,
અલ્લાહ અને ઈશ્વરને તમે પામશો ક્યાંથી ?
અલ્લાહ અને ઈશ્વર તો તમારાથી ડરે છે... ના હિન્દુ મરે છે...

અભડાય નહીં કોઈથી સૂરજ તણા કિરણો,
વરસાદના ફોરાઓ બધી છતને પલાળે,
કુદરતને નથી ભેદ અહીં કોઈના સાથે;
છે ભેદ આ શેનો કહો ઈન્સાન વચાળે.

પર્વત ને નદી, ફૂલ કળી ચાંદ સિતારા,
સંદેશ સદા ધર્મનો દીધા જ કરે છે... ના હિન્દુ મરે છે....

તન મનને વચનથી ન કરો કર્મ જો સારા;
તો બાંગ, નમાજો અને પૂજા છે નકામી,
આભાસી અહમમાં રહી મગ્ન જીવનભર;
પાણીની સપાટી પર તમે લાકડીઓ પછાડી;
કર્મોની ગતિ એ જ છે, સચ્ચાઈ સનાતન,
જેવું જે કરે છે અહીં એવું જ ભરે છે.... ના હિન્દુ મરે છે....

હિન્દુ કે મુસલમાન બધા એક દિ’ મરશે,

માટીનો મનખ અંતે તો માટી જ થવાનો

દફનાવો કે બાળો કહો શું ફેર છે ‘કાયમ’?

મતલબ તો ફક્ત એક છે દુનિયાથી જવાનો.

વેડફજો ન અવતાર આ માનવનો મુસાફર !

એ પામવા આ આતમા કંઈક ફેરા ફરે છે... ના હિન્દુ મરે છે....

## આપણું સામૂહિક કબૂલાતનામું

હું હિન્દુ નથી હું મુસલમાન નથી,

હું શીખ નથી હું ઈસાઈ નથી,

હું માં ભારતીનું ગૌરવશાળી સંતાન છું,

હું આઝાદ દેશનો રાષ્ટ્રવાદી નાગરીક છું.

મને મારા ઘરથી વધારે મારી શેરી,

મારી શેરીથી વધારે મારું ગામ,

મારા ગામથી વધારે મારું રાજ્ય,

મારા રાજ્યથી વધારે મારું રાષ્ટ્ર પ્યારું છે.

હું દંભી નથી, હું સ્વાર્થી નથી,

હું પંદરમી ઓગસ્ટ અને છવ્વીસમી જાન્યુઆરીના દિવસે,

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, બહાદુરશાહ ઝફર, વીર ભગતસિંહ,

ચંદ્રશેખર આઝાદની શહીદી અને સમર્પણ યાદ કરી

આત્મ સંશોધન કરું છું.

અને તેઓએ કંડારેલ રસ્તે ચાલવા કટિબદ્ધ થાઉં છું.

હું અકસ્માતે મળેલ ધર્મ પાળું છું,

(કારણકે જન્મને એક અકસ્માત માનું છું) અને એટલે

અન્ય ધર્મ પ્રત્યે સમભાવ રાખું છું,

અને અકસ્માતે મળેલ એ ધર્મ પ્રમાણે,

જો હું હિન્દુ હોઉં તો ગીતાના સોગંધ -

હું મુસલમાન હોઉં તો કુરઆનના સોગંધ -

હું શીખ હોઉં તો ગ્રંથસાહેબના સોગંધ -

હું ઈસાઈ હોઉં તો બાઈબલના સોગંધ - ખાઈને કબૂલું છું કે,

ઉપર જણાવેલ

બધીય વાત ખોટી છે,

બધીય વાત ખોટી છે,

બધીય વાત ખોટી છે.

# અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

## અક્ષરનાદ.કોમ

## ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ

http://aksharnaad.com